**<u>મે.અમદાવાદ ખાતેના મજૂર અદાલતના જ્યુડી.મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**ફોજદારી કેસ નં.૨૫૯૨/૨૦૨૩**
**આંકઃ–૫**

**ફરિયાદીઃ– ના.સરકારશ્રી તરફે શ્રી એન.એન.ગલાણી**
**કારખાના નિરીક્ષક, અમદાવાદ.**
૩/૫ મો માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**આરોપીઃ– છગનભાઈ ખત્રી**
**લક્ષ્મી માર્કેટીંગ**
**૮૧, હરિધામ એસ્ટેટ, આર્દશ–૨ એસ્ટેટની સામે,**
**ગુરૂદ્વારા, ઓઢવ, અમદાવાદ.**

**ગુન્હોઃ– ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમોનાં ભંગ બદલ કારખાના અધિનિયમ ૧૯૪૮ની કલમ–૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

-----------------------------------------------

ફરિયાદી તરફે..
આરોપી તરફે.. ઓથોરાઈઝ્ડ પર્સન હાજર

-----------------------------------------------

**<u>–:: ઠ રા વ ::–</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ તા.૨૫–૦૭–૨૦૨૩ નાં રોજ સદરહુ કારખાનાની મુલાકાત લેતા, આરોપીએ સને ૧૯૪૮ નાં **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ–૪** મુજબનાં **ગુનાનો** ભંગ કરેલ છે. જે કારખાના અધિનિયમ–૧૯૪૮ ની **કલમ–૯૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજી જતાં આરોપી વતી ઓથોરાઈઝ્ડ પર્સન અત્રેની અદાલત સમક્ષ,ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય

દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપી વતી ઓથોરાઈઝ્ડ પર્સન એ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમછતાં આરોપી વતીથી પોતાને ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ઓથોરાઈઝ્ડ પર્સનની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપી વતીથી પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપી વતીથી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## --:: હુ ક મ ::--

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ-૪** મુજબના ગુનાના ભંગ બદલ કારખાના ધારાની **કલમ-૯૨** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને એક ભંગ બદલ **રૂા-૨,૦૦૦/- લેખે કુલ રૂા.૨,૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ,** અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીવતીથી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપી વતીથી ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯-૦૩-૨૦૨૪ નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯-૦૩-૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(જુઝર અબ્બાસભાઈ રંગવાલા)**
**CODE : GJ00706**
**જ્યુડી. મેજીસ્ટ્રેટ**
**ન્યાયાધીશ ( જુનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**